**કે.ડી. NEWS**

તારીખ : 16/09/2026

# સદ્દભાવના ગ્રુપ દ્વારા ગણપતિ દાદાનું ભવ્ય આગમન

# લકકી ડ્રોમાં

## કૂપન નંબર 1584 વિજેતા





સદ્દભાવના ગ્રુપ આયોજિત ગણપતિ મહોત્સવ અંતર્ગત ગણપતિ દાદાનું ભવ્ય આગમન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભક્તોમાં ભારે ઉત્સાહ અને ભક્તિભાવ જોવા મળ્યો હતો.મહોત્સવ અંતર્ગત ₹500 વાળા દાતાશ્રીઓ માટે લકી ડ્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૂપન નંબર 1584 વિજેતા બન્યું હતું. લકી ડ્રોમાં પરમ પૂજ્ય ઉષા મૈયાના સેવકનું નામ જાહેર કરવામાં આવ્યું હતું. તેમને સમગ્ર ગણપતિ મહોત્સવના મુખ્ય દાતા તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.લકી ડ્રો બાદ ગણપતિ દાદાના પ્રથમ દર્શન કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ઢોલ-નગારાના નાદ સાથે ભક્તિભાવપૂર્વક ગણપતિ દાદાની ભવ્ય આગમન શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા.ઉલ્લેખનીય છે કે પરમ પૂજ્ય ઉષા મૈયાના સાનિધ્યમાં સેવાકીય પ્રવૃત્તિના લાભાર્થે સદ્દભાવના ગ્રુપ કાર્યરત છે. સદ્દભાવના ગ્રુપ દ્વારા સમાજસેવાના હેતુથી બ્લડ હેલ્પલાઈન, એમ્બ્યુલન્સ સેવા, ડેડબોડી ફ્રીઝર સેવા સહિતની વિવિધ 8 હેલ્પલાઈન ચલાવવામાં આવે છે.ધાર્મિક આસ્થા સાથે માનવસેવાના સંકલ્પને જોડીને સદ્દભાવના ગ્રુપ દ્વારા સમાજમાં સતત સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે.





તારીખ : 16/09/2026

# સાવરકુંડલાની નવનિર્મિત હોસ્પિટલમાં રૂ. ૪ કરોડનું દાન આપનાર મુંબઈના જૈન અગ્રણી શશીકાંતભાઈ બદાણીનું નિધન



સૌરાષ્ટ્ર દશા શ્રીમાળી જૈન ભોજનાલય, મુંબઈના પ્રમુખ અને જાણીતા દાનવીર શ્રી શશીકાંતભાઈ જી. બદાણીનું ૯૭ વર્ષની વયે તા. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ નિધન થયું છે. અગતરાયના વતની અને વર્ષોથી મુંબઈમાં વસવાટ કરતા શશીકાંતભાઈએ સ્વપુરુષાર્થથી જીવનમાં સફળતા પ્રાપ્ત કરી હતી અને સમાજસેવા તથા પરોપકારના કાર્યોમાં અગ્રેસર રહ્યા હતા.શશીકાંતભાઈ જી.બદાણીએ ધાર્મિક, શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. કાંદાવાડી સંઘ અંતર્ગત સૌપ્રથમ મંજુલા એસ. બદાણી જૈન ક્લિનિકનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પૂજ્ય શ્રીધર ગુરુદેવના અનુગ્રહથી રાજકોટમાં શિશુ મંદિર પ્રાથમિક શાળા, દશા શ્રીમાળી જૈન બોર્ડિંગ, વિરાણી બહેરા-મૂંગા શાળા સહિત વિવિધ સંસ્થાઓના નામકરણ તથા શૈક્ષણિક કાર્યોમાં માતબર અનુદાન આપ્યું હતું. વડનગર ખાતે બોયઝ હોસ્ટેલ માટે પણ તેમણે યોગદાન આપ્યું હતું.સાવરકુંડલામાં શ્રી લલ્લુભાઈ આરોગ્ય મંદિર સંચાલિત તથા વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા નિર્મિત નવનિર્મિત હોસ્પિટલ માટે રૂ. ૪ કરોડનું માતબર અનુદાન આપી તેમણે સાવરકુંડલા સહિત સમગ્ર સૌરાષ્ટ્ર પ્રત્યેની પોતાની સેવાભાવના ઉજાગર કરી હતી.આમ, શશીકાંતભાઈ બદાણીએ જીવનભર દાનની સરવાણી વહાવી અનેક શૈક્ષણિક, આરોગ્યલક્ષી અને સામાજિક સંસ્થાઓને પ્રોત્સાહન આપ્યું હતું. સદગતની ગુણાનુવાદ સભા શનિવારે સાંજે ૫:00થી ૬:30 કલાક દરમિયાન જલારામ હોલ, જુહુ, મુંબઈ ખાતે યોજાશે.

તારીખ : 16/09/2026

# જન સેવા અને રાષ્ટ્ર સેવાને સમર્પિત વડાપ્રધાનમંત્રી શ્રી નરેંદ્રભાઈ મોદી સાહેબજીના ૨૫ વર્ષના એતિહાસિક કાર્યકાળ અને જન્મદિન નિમિતે સાવરકુંડલા લીલીયા વિધાનસભામાં ત્રિવિધ કાર્યક્રમો યોજાશો



## રક્તદાન કેમ્પ ( કે કે હોસ્પિટલ સવર કુંડલા ) , 'ભક્તિની અમૃતધારા' અંતર્ગત માતાઓનું સન્માન ( પૂજા પાદર - લીલીયા ) અને 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમ - સાવરકુંડલા ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાશે--

## સાવરકુંડલા વિધાનસભાના ૧૧૭ ગામો ઉપરાંત કૃષ્ણકુમાર સિંહજી મંદિર અખાડા ખાતે આશીર્વાદનો દીવડો કાર્યકમ યોજાશે : -શ્રી કસવાલા

સાવરકુંડલા: જનસેવા અને રાષ્ટ્રસેવાને સમર્પિત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન તથા જાહેર જીવનમાં ૨૫ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે સાવરકુંડલા-લીલીયા વિધાનસભા વિસ્તારમાં વિવિધ સેવાકીય, સાંસ્કૃતિક અને સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ત્રિવિધ કાર્યક્રમોમાં સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાની વિશેષ ઉપસ્થિતિ રહેશે.વડાપ્રધાનના જન્મદિન નિમિત્તે આયોજિત આ કાર્યક્રમોમાં રક્તદાન કેમ્પ, 'ભક્તિની અમૃતધારા' અંતર્ગત માતાઓનું સન્માન અને 'આશીર્વાદનો દીવડો' મુખ્ય આકર્ષણ રહેશે. સેવાભાવ, સંસ્કાર, સંસ્કૃતિ અને સુશાસનના સંદેશ સાથે યોજાનારા આ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાય તેવી તૈયારીઓ કરવામાં આવી છે.

સાવરકુંડલા સ્થિત કે.કે. હોસ્પિટલ ખાતે સવારે ૧૦ કલાકે રક્તદાન કેમ્પથી થશે. માનવસેવાના ભાવ સાથે યોજાનારા આ રક્તદાન કેમ્પમાં સેવાભાવી નાગરિકો, યુવાનો, કાર્યકરો તથા વિવિધ ક્ષેત્રના લોકો સ્વૈચ્છિક રીતે રક્તદાન કરશે.રક્તદાન દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓને મદદરૂપ થવાના હેતુથી યોજાનારા આ સેવાકીય કાર્યક્રમમાં વધુમાં વધુ લોકો જોડાય અને રક્તદાન કરીને માનવસેવામાં પોતાનું યોગદાન આપે તે માટે અપીલ કરવામાં આવી છે.આ પ્રસંગે પુંજાપાદર ગામે રામાણી વાડી ખાતે બપોરે ૪ કલાકે 'ભક્તિની અમૃતધારા' કાર્યક્રમ યોજાશે. ભજન-કીર્તનના પાવન સુર સાથે યોજાનાર આ કાર્યક્રમમાં આધ્યાત્મિકતા અને ભારતીય સંસ્કૃતિની ઝલક જોવા મળશે.સનાતન કલા, સંસ્કૃતિ અને સંસ્કારોની પરંપરાને જીવંત રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર માતાઓનું વિશેષ સન્માન કરવામાં આવશે. પરિવાર અને સમાજમાં માતાઓના યોગદાનને બિરદાવવા તેમજ ભારતીય સંસ્કાર અને પરંપરાના જતનનો સંદેશ આપવા માટે આ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.ભજન-કીર્તનના પાવન વાતાવરણમાં માતાઓનું સન્માન કરી તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા સહિત આગેવાનો, કાર્યકરો અને મોટી સંખ્યામાં નાગરિકોની ઉપસ્થિતિ રહેવાની છે.કાર્યક્રમમાં અંતર્ગત 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. વડીલો અને માતાઓના આશીર્વાદને મહત્વ આપતા આ કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય સાથે શુભેચ્છા અને આશીર્વાદની ભાવના વ્યક્ત કરવામાં આવશે.આ સાથે 'સુશાસનના દિવસે સુશાસનના ૨૫ વર્ષ' વિષયને કેન્દ્રમાં રાખીને સુશાસન તથા જાહેર જીવન સાથે સંકળાયેલા વિવિધ પાસાઓને પણ ઉજાગર કરવામાં આવશે.સાવરકુંડલા વિધાનસભાના ૧૧૭ ગામો ઉપરાંત રાત્રે ૭ કલાકે કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર ખાતે 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરિકો, કાર્યકરો અને આગેવાનો ઉપસ્થિત રહી સહભાગી બનશે.

દીપ પ્રાગટ્ય, વડીલોના આશીર્વાદ અને સામાજિક એકતાના ભાવ સાથે યોજાનાર આ કાર્યક્રમ વડાપ્રધાનના જન્મદિન નિમિત્તે આયોજિત કાર્યક્રમોની શ્રેણીનો મહત્વપૂર્ણ ભાગ બનશે.સાવરકુંડલા-લીલીયા વિધાનસભા વિસ્તારમાં યોજાનારા આ ત્રિવિધ કાર્યક્રમોમાં રક્તદાન દ્વારા માનવસેવા, માતાઓના સન્માન દ્વારા સંસ્કાર અને સંસ્કૃતિનું જતન તથા 'આશીર્વાદનો દીવડો' દ્વારા વડીલોના આશીર્વાદ સાથે જોડાવાનો ભાવ પ્રગટ કરવામાં આવશે.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે યોજાનારા આ કાર્યક્રમો દ્વારા જનસેવા, રાષ્ટ્રસેવા, ભારતીય સંસ્કૃતિ, સંસ્કાર અને સુશાસનના વિવિધ આયામોને એકસાથે ઉજાગર કરવાનો પ્રયાસ કરવામાં આવશે.આ કાર્યક્રમોને સફળ બનાવવા માટે આયોજકો અને કાર્યકરો દ્વારા જરૂરી તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના નાગરિકો, યુવાનો, મહિલાઓ, વડીલો અને સેવાભાવી કાર્યકરોને વિવિધ કાર્યક્રમોમાં ઉત્સાહપૂર્વક જોડાઈ તેને સફળ બનાવવા માટે ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં અપીલ કરવામાં આવી છે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 16/09/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# વિશ્વાસ ઓટો કન્સલ્ટ

**મોડલ ૨૦૧૩ થી ૨૦૨૬ સુધીના તમામ કારની કંપનીના મોડલ હાજરમાં...**

**હવેથી નવા સરનામે**

**એક્યુરેટ હીરોના શો રૂમની સામે, મહુવારોડ, સાવરકુંડલા**




**સેકન્ડ ગાડીમાં લોન પણ કરી આપવામાં આવશે.**

ક્રેટા, સ્વીફ્ટ, ઈકો, વેગન આર, બ્રીઝા, સ્વીફ્ટ ડીઝાયર, આઈ-10, આઈ-20, સ્કોર્પિયો, બોલેરો, અર્ટીગા, બલેનો, વોકસ વેગન, વેન્ટો, જેવી તમામ પ્રકારની ગાડી લેવા તથા વેચવા માટે મળો...

**નવી ગાડી લેવા જતા પહેલા અમારા શો રૂમની મુલાકાત લેશો.**

**એકસીડેન્ટ વગરની ગાડીનો 100% વિશ્વાસપાત્ર એકમાત્ર શો રૂમ..**

**આપ કંપનીમાં પણ ચેક કરી શકો છો...**

હાજી ઈમરાનભાઈ એસ. શેખાણી
મો. 98248 17492

હાજી અમજદભાઈ એસ. શેખાણી
મો. 95742 02753

જુનેદભાઈ એસ. શેખાણી
મો. 97235 95955

તારીખ : 16/09/2026

# મધરાત્રે નવાપરામાં ત્રણ સાવજો ઘૂસ્યા

## ગામની બજારમાં ગાયનું મારણ



## ગીરકાંઠાના ગામોમાં સાવજોની અવરજવરથી ગ્રામજનોમાં ભયનો માહોલ

ગીરકાંઠાના ધારી તાલુકામાં સાવજોની અવરજવર અને ગામડાંમાં ઘુસણખોરીની ઘટનાઓ અવારનવાર સામે આવી રહી છે. ત્યારે ધારીના નવાપરા ગામમાં મધરાત્રે ત્રણ સાવજોએ ઘુસી આવી ગાયનું મારણ કરતાં ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.પ્રાપ્ત વિગતો મુજબ, શિકારની શોધમાં નીકળેલા ત્રણ સાવજો રાત્રિના સમયે નવાપરા ગામમાં પ્રવેશ્યા હતા. સાવજોએ ગામની બજારમાં આમથી તેમ આંટાફેરા કર્યા બાદ એક ગાય નજરે પડતાં ત્યાં જ તેનું મારણ કર્યું હતું. રાત્રિના સમયે ગામમાં સાવજોની હાજરીથી ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો.અમરેલી જીલ્લાના ધારી તાલુકો ગીર વિસ્તારની નજીક આવેલો હોવાથી અહીં સાવજોની મોટી વસ્તી જોવા મળે છે. શિકારની શોધમાં સાવજો ઘણીવાર ગીરકાંઠાના ગામડાં અને રહેણાંક વિસ્તારો તરફ આવી પહોંચતા હોય છે. ખાસ કરીને રાત્રિના સમયે સાવજોની અવરજવર વધતી હોવાથી પશુપાલકો અને ગ્રામજનોમાં ચિંતા જોવા મળે છે.નવાપરા સહિત ગીરકાંઠાના ગામોમાં સાવજોની આવી અવરજવર અવારનવાર બનતી હોવાના કારણે ગ્રામજનો રાત્રિ તેમજ વહેલી સવારના સમયે ઘર બહાર નીકળતાં સાવચેતી રાખી રહ્યા છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 16/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭

ઘર આંગણાની ઓફરની
૨૪ મી વર્ષગાંઠ માનવંતા ગ્રાહકમિત્રોના
અદ્વિતિય વિશ્વાસની ઉજવણીનો
ઠાઠ બની રહેશે !




જે ખરીદશે ડાયમંડ, ગોલ્ડ, સીલ્વર, પ્લેટીનમ આભુષણો તે થશે માલામાલ

## કોન બનેગા માલામાલ-૨૦૨૭ ?

| ઇનામ | વિગત |
|---|---|
| પ્રથમ ઇનામ | NISSAN CAR-1 GRAVITE (VISIA MT) 7 SETAR |
| દ્વિતીય ઇનામ | ALTO (K10)-1 STD (PETROL MT) |
| તૃતીય ઇનામ | HONDA ACTIVA (STD)-1 |
| ચોથુ ઇનામ | TVS SPORT BIKE (BS-VI) |
| પાંચમું ઇનામ | TUNWAL E-BIKE-1 (MINI LITHINO) |
| છઠ્ઠુ ઇનામ | TIGER E-BIKE-1 STD |
| સાતમુ ઇનામ | WHIRPOOL 192 L 4 STAR 215 IMPC |
| આઠમુ ઇનામ | SAMSUNG-80 CM HD LED TV 32 INCH |
| નવમુ ઇનામ | WHIRPOOL 7KG MAGIC CLEAN |

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

કુલ ઈનામો ૫૫૧

₹ ૭૫૦૦ 'ફ્રી' ખરીદી પર એક માલામાલ કુપન

## સોનિક® જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

કે.ડી. NEWS

તારીખ : 16/09/2026

# ૩૫ વર્ષથી સ્વદ્રવ્યે સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ સેવા કરતા ખેતાણી પરિવારની અનોખી ભક્તિ

જૈન ધર્મના ચારેય ફિરકાના પંચમહાવ્રતધારી સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચનો લાભ છેલ્લા ૩૫ વર્ષથી સ્વદ્રવ્યે લઈ રહેલા માતૃશ્રી વિમળાબેન ચંપકલાલ ખેતાણી પરિવારની સેવા અને ભક્તિ અનુમોદનીય બની રહી છે. સાવરકુંડલાના વતની અને હાલ વિલે પાર્લે, મુંબઈ ખાતે વસવાટ કરતા ખેતાણી પરિવાર દ્વારા ભારતભરમાં સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ માટે સતત સેવાયજ્ઞ ચલાવવામાં આવી રહ્યો છે.પરિવાર દ્વારા દેશના ૨૩ રાજ્યોમાં બારેમાસ વૈયાવચ્ચનો લાભ લેવામાં આવે છે. દર મહિને ૧૦,૦૦૦થી વધુ ઉપયોગી વસ્તુઓ સાધુ-સાધ્વીજીને અર્પણ કરવામાં આવે છે. ખાસ નોંધપાત્ર બાબત એ છે કે આશરે ૯૦ ટકા વસ્તુઓ પરિવારના સભ્યો પોતે વિવિધ ઉપાશ્રયોમાં વ્યક્તિગત મુલાકાત લઈને વહોરાવે છે, જ્યારે માત્ર ૧૦ ટકા વસ્તુઓ કુરિયર દ્વારા મોકલવામાં આવે છે.

વૈયાવચ્ચ અંતર્ગત સાધુ-સાધ્વીજી માટે જરૂરી વિવિધ વસ્તુઓ જેવી કે પાત્રા, રાજોહરણ, મચ્છરદાની, આયુર્વેદિક ઔષધિઓ, લોચની રાખ, મચ્છરથી રક્ષણ માટેનું તેલ, ખુરશી, વ્હીલચેર સહિત ઉપયોગી સામગ્રી જરૂરિયાત મુજબ મોકલવામાં આવે છે.સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચને જૈન ધર્મમાં વિશિષ્ટ મહત્ત્વ આપવામાં આવ્યું છે. સ્વદ્રવ્ય, સ્વહસ્તે અને સ્વભાવપૂર્વક કરવામાં આવતી આ સેવા ખેતાણી પરિવારની દીર્ઘકાળીન શ્રદ્ધા, સેવાભાવ અને સંયમમાર્ગ પ્રત્યેની આદરભાવનાનું સુંદર ઉદાહરણ બની રહી છે.સાધુ-સાધ્વીજીને વૈયાવચ્ચ માટે જરૂરી વસ્તુઓની જરૂરિયાત હોય તો ખેતાણી પરિવાર, પોસ્ટ બોક્સ નં. ૮૦૬૩, વિલે પાર્લે (વેસ્ટ), મુંબઈ-૫૬ ખાતે વિગત મોકલી શકાય છે. તેમજ જરૂરી વસ્તુઓની યાદી વોટ્સએપ નંબર ૮૨૭૪૫૦૯૧૦૦ પર મોકલી શકાય છે.૩૫ વર્ષથી પોતાના ખર્ચે સતત વૈયાવચ્ચનો લાભ લેતા ખેતાણી પરિવારની આ સેવા માત્ર અનુમોદનીય જ નહીં, પરંતુ જૈન સમાજ માટે પ્રેરણાદાયી અને અભિનંદનીય સેવાભાવનું ઉત્તમ ઉદાહરણ છે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : ૧૬/૦૯/૨૦૨૬
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# દુઃખદ અવસાન / બેસણું



# પુરીબેન લક્ષ્મણભાઈ ગોહિલ

(ઉ.વ. 85) તા. 15/09/2026 ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

## સદ્દગતનું બેસણુ

તારીખ : 17/09/2026 ગુરુવારના રોજ
સાંજે 4 થી 6 કલાકે રાખેલ છે.
સ્થળ : સગર ભગીરથ વાડી, શીવાજી નગર,
માધવાણી વાડીમાં, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

દીલીપભાઈ લક્ષ્મણભાઈ ગોહિલ (ભગીરથ ફોટો વીડીયો )
વીનુભાઈ લક્ષ્મણભાઈ ગોહિલ મો. 98242 14198

કે.કે. NEWS

તારીખ : 16/09/2026

# સંકલ્પસિદ્ધ હનુમાનજી મહારાજના સાનિધ્યમાં 'મિચ્છામી દુક્કડમ'નો સંદેશ



સંવત્સરી પર્વ નિમિત્તે રાજકોટના કાલાવડ રોડ પર બિરાજમાન શ્રી સંકલ્પસિદ્ધ હનુમાનજી મહારાજને વિશેષ ધાર્મિક ભાવના સાથે શણગાર કરવામાં આવ્યો હતો. હનુમાનજી મહારાજની પ્રતિમા પાછળ જૈન ધર્મની ક્ષમાપના પરંપરાને ઉજાગર કરતો સુંદર શણગાર કરવામાં આવ્યો હતો, જેમાં *'મિચ્છામી દુક્કડમ'*નો સંદેશ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

જૈન ધર્મના પવિત્ર પર્યુષણ મહાપર્વના અંતિમ દિવસ સંવત્સરીને ક્ષમાપના પર્વ તરીકે ઉજવવામાં આવે છે.

આ પાવન દિવસે મન, વચન અને કર્મથી કોઈ જીવને દુઃખ પહોંચ્યું હોય તો પરસ્પર ક્ષમા માગવાની ભાવના સાથે 'મિચ્છામી દુક્કડમ' પાઠવવામાં આવે છે.

શ્રી સંકલ્પસિદ્ધ હનુમાનજી મહારાજના સાનિધ્યમાં કરવામાં આવેલ આ વિશેષ શણગાર દ્વારા ક્ષમા, કરુણા, અહિંસા અને પરસ્પર પ્રેમનો સુંદર સંદેશ પ્રસર્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 16/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



Organised by:
HEADWAY
BUSINESS SOLUTIONS LLP
Solution@100%
www.headway.guru
908 124 1916








## અરે... વાહ...

## ૯,૯૯૯ સુધી

## કરોડોની કિંમતના ઈનામો!

## હા, સાચું વાંચ્યું.

## તે પણ માત્ર ₹૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી કે એક્સચેન્જ પર*

તો રાહ કોની જુવો છો, ઘરેણાં સાથે ચમકાવો નસીબ

ઓફર: ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૬ સુધી જ લાગુ.

*શરતો લાગુ

GJ

## શ્રી ગોકુલ જવેલર્સ

હવેલી શેરી, સાવરકુંડલા. 222195 95373 12695

તારીખ : 16/09/2026

# શ્રી દાધિયા શાળા ના બાળકો એ બનાવ્યા ઈકો ફ્રેન્ડલી ગણપતિજી



આજ રોજ તા 14/9/26 ને સોમવાર ના રોજ અત્રેની શ્રી દાધિયા પ્રાથમિક શાળા ના બાળકો દવારા સંસ્કૃતિ ના જતન સાથે પ્રકૃતિના જતન નો અનોખો ઉત્સવ ઊજવવામા આવ્યો હતો જેમા નાના નાના બાળકોએ પોતાના લાડકા ગણપતિજી ની મુરતી માટીની બનાવી ને બાપાની પુજા અર્ચના અને આરતી કરી હતી.. આ કાર્યક્રમ ને સફળ બનાવવા શાળા ના નવ નિયુકત શિક્ષક ઈશીતાબેન લુણાગરીયા એ જહેમત ઉઠાવી હતી. શાળા ના બાળકો આ નવા અનુભવથી ખૂબ ખૂબ આનંદીત જણાયા હતા... મહેશભાઈ શેલારઆચાર્ય શ્રી દાધિયા પ્રાથમિક શાળા



ના નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 15/09/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# મકાન વેચવાનું છે.

## આઝાદ ચોક, આઈશા કોમ્પ્લેક્ષમાં કોર્નરનું મકાન વેચવાનું છે... રોડ ઉપર બારી પડે છે. વ્યાજબી ભાવમાં વેચવાનું છે.

**નોંધ : દલાલભાઈઓ આવકાર્ય**

**સંપર્ક :**

**મો. 94272 30095/74958 58258**

તારીખ : 16/09/2026

# મેઘમહેર બાદ અમરેલી જિલ્લામાં મેઘરાજાએ લીધો વિરામ

## ખાંભા પંથકમાં હળવા ઝાપટાં : જરૂરિયાતના સમયે વરસેલા વરસાદથી મોલાતને જીવનદાન

અમરેલી જિલ્લામાં દોઢ માસના લાંબા વિરામ બાદ મેઘરાજાનું આગમન થયું હતું. છેલ્લા 36 કલાક દરમિયાન જિલ્લાના વિવિધ વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ વરસ્યા બાદ આજે મેઘરાજાએ વિરામ લીધો હતો. વરસાદથી ખેતી પાકોને જરૂરી ભેજ મળતાં ખેડૂતો ખેતીના આગળના કામમાં લાગી ગયા છે.અમરેલી જિલ્લામાં ગઈ રાત સુધી વરસાદી માહોલ યથાવત્ રહ્યો હતો. વડીયા પંથકમાં અઢી ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો, જ્યારે અમરેલી સહિતના આસપાસના વિસ્તારોમાં પણ મોલાતને જીવનદાન મળે તેવો વરસાદ વરસ્યો હતો. 36 કલાક દરમિયાન જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો હતો.જોકે આજે સવારથી મેઘરાજાએ વિરામ લેતાં વરસાદી વાદળો છવાયેલા હોવા છતાં મોટાભાગના વિસ્તારોમાં વરસાદ વરસ્યો ન હતો. ખાંભા પંથકમાં ઝાપટાં સ્વરૂપે આશરે 2 મીમી વરસાદ નોંધાયો હતો. બપોર બાદ જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં વરાપ નીકળતાં ખેડૂતોએ ખેતીના આગળના કામો શરૂ કર્યા હતા.લાંબા સમયના વિરામ બાદ થયેલો વરસાદ હજુ પૂરતો ન હોવા છતાં જિલ્લાના ઘણાખરા વિસ્તારોમાં પાકને જરૂરી સમયે પાણી મળતાં મોલાતને જીવનદાન મળ્યું છે. વરસાદ બાદ ખેડૂતોમાં પણ રાહતની લાગણી જોવા મળી રહી છે.પ્રાપ્ત માહિતી અનુસાર ચાલુ ચોમાસાની સિઝનમાં અમરેલી જિલ્લામાં અત્યાર સુધીમાં સરેરાશ 565 મીમી એટલે કે 22.5 ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. તાલુકાવાર જોવામાં આવે તો રાજુલા તાલુકામાં આશરે 32 ઈંચ, વડીયા તાલુકામાં 26.5 ઈંચ અને સાવરકુંડલા તાલુકામાં 25 ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 16/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS

તારીખ : 16/09/2026

# મિચ્છામી દુક્કડમ થી ભરૂચમાં ગુંજ્યો ક્ષમાનો સંદેશ



જૈન ધર્મના પવિત્ર મહાપર્વ સંવત્સરીની ભરૂચમાં શ્રદ્ધા, સંયમ અને ક્ષમાભાવ સાથે ઉજવણી કરવામાં આવી હતી. પર્યુષણ પર્વના અંતિમ દિવસે જૈન સમાજના ભાઈ-બહેનોએ એકબીજાને 'મિચ્છામી દુક્કડમ' કહી વર્ષ દરમિયાન જાણતાં-અજાણતાં થયેલી ભૂલો માટે ક્ષમા માગી હતી.સંવત્સરી નિમિત્તે વહેલી સવારથી જ ભરૂચના દેરાસરોમાં વિશેષ પૂજા-આરાધના અને ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. અનેક શ્રાવક-શ્રાવિકાઓએ ઉપવાસ સહિતના વ્રત-નિયમ પાળીને આઠ દિવસની પર્યુષણ આરાધનાની પૂર્ણાહુતિ કરી હતી.સાંજના સમયે સામૂહિક સાંવત્સરિક પ્રતિક્રમણમાં મોટી સંખ્યામાં જૈન સમાજ જોડાયો હતો. વર્ષ દરમિયાન થયેલા પાપ, દોષ અને ભૂલોનું આત્મચિંતન કરી પ્રાયશ્ચિત કરવામાં આવ્યું હતું. ધ્યાન, શ્લોકોના શ્રવણ અને મૈત્રીભાવની ભાવના સાથે અંતરાત્માની શુદ્ધિનો સંકલ્પ લેવાયો હતો.સંવત્સરી માત્ર ક્ષમા માગવાનો નહી, ક્ષમા આપવાનો પણ મહાપર્વ છે. કટુવચન, મનદુઃખ કે જાણતાં-અજાણતાં થયેલા દોષોને ભૂલી પરસ્પર સ્નેહ અને મૈત્રી વધારવાનો સંદેશ આ દિવસે આપવામાં આવ્યો હતો. ભરૂચમાં જૈન ભાઈ-બહેનોએ એકબીજાને ભેટી તથા પગે પડી 'મિચ્છામી દુક્કડમ' કહી ક્ષમા, અહિંસા અને સદ્ભાવનાનો સંદેશ સમાજમાં ગુંજાવ્યો હતો.







નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 16/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



વ્યવસાય વારસામાં મળી શકે પરંતુ

## બ્રાન્ડ તો બનાવવી જ પડે..




ડીઝીટલ પ્લેટફોર્મ પર હરણફાળ ભરનાર

**પ્રકાશ પ્રિન્ટર્સ**®

હંમેશા એક કદમ આગળ...

તમારો પોતાનો ધંધો ઓનલાઈન લોન્ચ કરો અને બનાવો તમારા પોતાના

### ધંધાની ડીઝીટલ પ્રોફાઈલ

દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ તમારા બિઝનેસને આપો

### એક નવી ડિજિટલ ઓળખ !

પ્રતિ વર્ષ માત્ર **299** + GST

- તમારા બિઝનેસની પોતાની Digital Business Profile
- તમારી પ્રોફાઈલની પોતાની Shareable Link
- Unlimited Categories & Products ઉમેરવાની સુવિધા
- તમારા બિઝનેસ માટે Video Gallery
- Customer Reviews દર્શાવવાની સુવિધા
- WhatsApp Direct Contact ની સુવિધા
- Google Map Location ઉમેરવાની સુવિધા
- તમારી માહિતી જાતે Edit & Update કરવાની સુવિધા
- તમારી Digital Profile માટે QR Code
- Digital Visiting Card બનાવવાની સુવિધા
- Mobile, Laptop અને Tablet દરેક ડિવાઈસમાં સરળતાથી જોઈ અને ઉપયોગ કરી શકાય

: વધુ માહિતી માટે સંપર્ક :

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા. 94095 45745

**પ્રકાશ પ્રિન્ટર્સ એપ્લિકેશનની 10000 થી વધુ મેમ્બરોની ઉપસ્થિતિ એ જ ઉપલબ્ધિ**

**ડીઝીટલ એપ્લિકેશનની ભવ્ય સફળતા બાદ**

નવા પોર્ટલ માટે લોકાતુર ધંધાર્થીઓ, ગૃહ ઉદ્યોગ તેમજ સેલ્સમેનોની આતુરતાનો અંત....



કે.ડી. NEWS

તારીખ : 16/09/2026

# આંબરડી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં હિન્દી દિવસની સાહિત્યિક ઉજવણી





વિદ્યાર્થીઓએ હિન્દી સાહિત્યના સુપ્રસિદ્ધ સર્જકોની કવિતાઓનું ભાવસભર પઠન કરી ભાષાપ્રેમની સુવાસ પ્રસરાવીઆંબરડી : શ્રી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા આંબરડી ખાતે હિન્દી દિવસની ઉજવણી સાહિત્યિક ઉલ્લાસ અને ભાષાપ્રેમના માહોલમાં કરવામાં આવી હતી. હિન્દી ભાષાની સમૃદ્ધ સાહિત્યિક પરંપરા, કાવ્યસૌંદર્ય તથા અભિવ્યક્તિની વૈવિધ્યસભર શક્તિથી વિદ્યાર્થીઓ પરિચિત થાય તેવા ઉદ્દેશ સાથે આયોજિત આ કાર્યક્રમ જ્ઞાન અને સર્જનાત્મકતાનો સુંદર સમન્વય બની રહ્યો હતો.કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓએ હિન્દી સાહિત્યના અગ્રગણ્ય સર્જકો પ્રેમચંદજી, રામધારીસિંહ 'दिनकर' તથા હરિવંશરાય બચ્ચનની કવિતાઓનું ભાવસભર પઠન કર્યું હતું. કાવ્યપઠન દ્વારા વિદ્યાર્થીઓએ હિન્દી ભાષાની મધુરતા, કાવ્યની લયાત્મકતા અને સાહિત્યમાં રહેલા જીવનમૂલ્યોને ઉજાગર કર્યા હતા. વિદ્યાર્થીઓની ઉત્સાહસભર રજૂઆતે કાર્યક્રમને જીવંત બનાવી સૌના હૃદયમાં ભાષા અને સાહિત્ય પ્રત્યેની આત્મીયતા જગાવી હતી.માધ્યમિક વિભાગમાં હિન્દી વિષયના શિક્ષિકા પ્રજ્ઞાબેન મહેતા દ્વારા સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. તેમના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ હિન્દી ભાષા પ્રત્યેનો પ્રેમ અને સાહિત્યિક અભિરુચિ પ્રગટ કરી હતી.

આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી એમ.ડી. માલવિયા તથા મેનેજિંગ ટ્રસ્ટીશ્રી દિપકભાઈ માલાણીએ કાર્યક્રમના સફળ આયોજન બદલ પ્રજ્ઞાબેન મહેતા અને ભાગ લેનાર સૌ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

તેમણે વિદ્યાર્થીઓને ભાષા અને સાહિત્યના સંવર્ધન સાથે જ્ઞાન, સંસ્કાર તથા સર્જનાત્મક અભિવ્યક્તિના માર્ગે આગળ વધવા પ્રેરણા આપી હતી.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 16/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 16/09/2026

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કોડિનાર દ્વારા ગ્રામીણ યુવાનો માટે ૫ - દિવસીય વ્યવસાયલક્ષી તાલીમનો શુભારંભ




આજના આધુનિક યુગમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના અતિશય ઉપયોગથી જમીનની ફળદ્રુપતા અને માનવ સ્વાસ્થ્ય પર થતી વિપરીત અસરોને ધ્યાનમાં રાખીને, ખેતીમાં પ્રાકૃતિક અને જૈવિક પદ્ધતિઓ અપનાવવી અનિવાર્ય બની છે. આ જ હેતુસર, ગ્રામીણ યુવાનો આત્મનિર્ભર બને અને પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધે તે માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કોડિનાર ખાતે ૫-દિવસીય "જૈવિક ખાતર, જૈવિક કીટનાશક અને કમ્પોસ્ટના ઉત્પાદન" પરના વ્યવસાયલક્ષી તાલીમ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો છે.આ તાલીમ કાર્યક્રમના ઉદઘાટન પ્રસંગે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા શ્રી જીતેન્દ્રસિહ સાહેબે ઉપસ્થિત યુવાનોને જૈવિક ખેતીનું મહત્ત્વ સમજાવ્યુ હતું. ગીર સોમનાથ જીલ્લાના નાયબ ખેતી નિયામક વિસ્તરણ ડો.પુશપકાંત સુવર્ણકાર સાહેબે જણાવ્યુ હતુ કે આ તાલીમ માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ યુવાનો માટે સ્વરોજગાર અને સ્ટાર્ટ-અપ ઊભી કરવાની એક સુવર્ણ તક છે આ તાલિમના કોર્ડીનેટર અને કેવિકેના વિષય નિષ્ણાત, પાક સંરક્ષણ શ્રી રમેશ રાઠોડે તાલીમાર્થીઓને જણાવ્યુ હતુ કે માત્ર સિદ્ધાંત જ નહીં, પરંતુ વર્મીકમ્પોસ્ટ, અળસિયાનું ખાતર, વિવિધ જૈવિક ખાતરો અને લીમડા આધારિત કે અન્ય વનસ્પતિજન્ય જૈવિક કીટનાશકો જાતે બનાવવાની પ્રત્યક્ષ તાલીમ પણ આપવામાં આવશે. ગ્રામીણ યુવાનો આ તાલીમ મેળવીને પોતાના ગ્રામ્ય સ્તરે જૈવિક ઉત્પાદનોનો ગૃહ ઉદ્યોગ શરૂ કરી આર્થિક રીતે સક્ષમ બની શકશે. આ ઉત્પાદનોના ઉપયોગથી ખેડૂતોની ખેતી પાછળની પડતર કિંમત ઘટશે અને ઝેરમુક્ત પેદાશો બજારમાં આવશે.આ પાંચ દિવસીય કાર્યક્રમમાં વેરાવળ તાલુકાના ગામ્ય વિસ્તારોમાંથી ઉત્સાહી 30 યુવાનો ઉપસ્થિત રહ્યા છે. આ તાલિમમા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના તજજ્ઞો દ્વારા યુવાનોને માર્કેટિંગ, પેકેજિંગ અને વ્યવસાયિક આયોજન વિશે પણ માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. કાર્યક્રમના અંતે તમામ તાલીમાર્થી યુવાનોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે, જે તેમને ભવિષ્યમાં વ્યવસાય શરૂ કરવામાં ઉપયોગી સાબિત થશે.

કે.ડી. NEWS

તારીખ : 16/09/2026

# સાવરકુંડલામાં ભાવભેર સંવત્સરી પર્વની ઉજવણી




પ્રતિક્રમણ બાદ પરસ્પર ક્ષમાયાચના સાથે 'મિચ્છામિ દુક્કડમ' પાઠવી ક્ષમાધર્મની આરાધનાસાવરકુંડલા શહેરમાં પવિત્ર પર્યુષણ મહાપર્વની અંતિમ અને મહત્વપૂર્ણ આરાધના એવા સંવત્સરી પર્વની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. શહેરના વિવિધ જૈન સંઘોમાં શ્રાવક-શ્રાવિકાઓએ ભાવપૂર્વક સંવત્સરી પ્રતિક્રમણ કરી આત્મચિંતન અને પ્રાયશ્ચિત્ત સાથે ક્ષમાધર્મની આરાધના કરી હતી.દેરાવાસી જૈન સંઘ ખાતે સાધ્વીજી મહારાજ શ્રી તત્વદર્શિતાશ્રીજી મહારાજના માર્ગદર્શન હેઠળ સંવત્સરી પ્રતિક્રમણ યોજાયું હતું. જ્યારે સ્થાનકવાસી જૈન સંઘ ખાતે મહાસતીજી વિશાખાબાઈ સ્વામીજીના સાનિધ્યમાં ભાવસભર સંવત્સરી પ્રતિક્રમણ કરવામાં આવ્યું હતું.આ ઉપરાંત લોકાગચ્છ જૈન સંઘ તેમજ જૈન વિદ્યાર્થી ગૃહ (જૈન બોર્ડિંગ) ખાતે પણ સંવત્સરીના પવિત્ર દિવસે ભાવસભર પ્રતિક્રમણ યોજાયું હતું. પ્રતિક્રમણ બાદ સૌએ પરસ્પર 'મિચ્છામિ દુક્કડમ' પાઠવી એકબીજા પ્રત્યે થયેલી જાણ-અજાણની ભૂલો બદલ ક્ષમાયાચના કરી હતી. ૧૧ અઠ્ઠાઈ તપની આરાધનાસાવરકુંડલામાં આ વર્ષે કુલ ૧૧ અઠ્ઠાઈ તપની આરાધના થઈ હતી. જેમાં જૈન વિદ્યાર્થી ગૃહના ૯ વિદ્યાર્થીઓ તેમજ દેરાવાસી જૈન સંઘના ૨ આરાધકોએ અઠ્ઠાઈ તપની કઠિન આરાધના કરી હતી. આમ કુલ ૧૧ પુણ્યશાળી આત્માઓએ અઠ્ઠાઈ તપની આરાધના કરી ધર્મમય વાતાવરણને વધુ ભક્તિમય બનાવ્યું હતું.સંવત્સરીના પવિત્ર પર્વ નિમિત્તે સમગ્ર સાવરકુંડલામાં ધર્મ, તપ, ત્યાગ, ક્ષમા અને ઉલ્લાસનું વાતાવરણ જોવા મળ્યું હતું. જૈન સમાજના શ્રાવક-શ્રાવિકાઓએ આત્મશુદ્ધિ અને ક્ષમાભાવ સાથે પર્યુષણ મહાપર્વની ભાવપૂર્ણ પૂર્ણાહુતિ કરી હતી.

## તપસ્વીઓના પારણા અને સંઘની નવકારસી હિંમતલાલ બાવચંદ દોશી પરિવારે લાભ લીધો હતો...

કે.કે. NEWS

તારીખ : 16/09/2026

# શ્રી કે.કે. હાઈસ્કૂલ, સાવરકુંડલાની કબડ્ડી ટીમ જિલ્લા કક્ષાએ રનર્સઅપ



## રાજ્ય કક્ષાએ ૫ ખેલાડીઓ કરશે શાળા અને જિલ્લાનું પ્રતિનિધિત્વ

સાવરકુંડલા: ૭૦મા અખિલ ભારતીય શાળાકીય રમતોત્સવ અંતર્ગત યોજાયેલી અન્ડર-૧૭ કબડ્ડી સ્પર્ધામાં શ્રી કે.કે. હાઈસ્કૂલ, સાવરકુંડલાની ટીમે ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરી જિલ્લા કક્ષાએ રનર્સઅપનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.આ સ્પર્ધામાં ટીમના પાંચ પ્રતિભાશાળી ખેલાડીઓની રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી થઈ છે. તેઓ રાજ્ય કક્ષાએ શાળા અને જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.ખેલાડીઓને સઘન કોચિંગ વ્યાયામ શિક્ષક શ્રી વિપુલભાઈ દવેએ આપ્યું હતું.આ સિદ્ધિ બદલ શાળાના પ્રમુખશ્રી ચંદ્રિકાબેન ઘેલાણી, ઉપપ્રમુખશ્રી કનુભાઈ ગેડિયા, મેનેજિંગ ટ્રસ્ટીશ્રી મુકુંદભાઈ નાગ્રેચા, આચાર્યશ્રી ચેતનકુમાર એન. ગુજરીયા, સમગ્ર ટ્રસ્ટ તથા શાળા પરિવાર દ્વારા ખેલાડીઓ અને વ્યયશિક્ષકશ્રીને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

કે.ડી. NEWS

તારીખ : 16/09/2026

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે IMA સાવરકુંડલા દ્વારા રાહતદરે ઓપીડી સેવા

ભારત દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 75મા જન્મદિવસ નિમિત્તે તા. 17 સપ્ટેમ્બર, 2026ના રોજ ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA), સાવરકુંડલા દ્વારા જનસેવાના હેતુથી વિશેષ તબીબી સેવા ઉપલબ્ધ કરાવવામાં આવશે.IMA સાવરકુંડલાના પ્રમુખ ડૉ. જે. બી. વડેરા સાહેબે જણાવ્યું છે કે આ નિમિત્તે IMA સાથે સંકળાયેલા તબીબો દ્વારા દર્દીઓને 50 ટકા રાહત દરે કન્સલ્ટેશન/ઓપીડી સેવા આપવામાં આવશે.આ અંતર્ગત આશુતોષ હોસ્પિટલ, મહુવા રોડ, સાવરકુંડલા ખાતે ડૉ. જે. બી. વડેરા સાહેબ દ્વારા સવારે 10:00થી બપોરે 1:00 વાગ્યા સુધી ઓપીડી સેવા ઉપલબ્ધ રહેશે. તેમજ ડૉ. રાવળ સાહેબ (ઓર્થોપેડિક) દ્વારા પણ સવારે 10:00થી બપોરે 1:00 વાગ્યા સુધી ઓર્થોપેડિક ઓપીડી સેવા આપવામાં આવશે.સાવરકુંડલા તાલુકા તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોના દર્દીઓને આ વિશેષ રાહતદરે મળનારી તબીબી સેવાનો લાભ લેવા IMA સાવરકુંડલા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.આ જનસેવા પ્રવૃત્તિનો હેતુ સામાન્ય નાગરિકોને ગુણવત્તાયુક્ત તબીબી સલાહ અને સારવાર અંગે માર્ગદર્શન સરળતાથી ઉપલબ્ધ કરાવવાનો છે.

તારીખ : 16/09/2026

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સેવા અને સમર્પણ'ના ૨૫ વર્ષની ઉજવણી

# 'સેવા સંકલ્પ અભિયાન'નો આવતીકાલથી પ્રારંભ

## આવતીકાલે જિલ્લાના તમામ તાલુકામાં મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે, વધુમાં વધુ નાગરિકોને રક્તદાન કરવા અનુરોધ

અમરેલી તા. ૧૬ સપ્ટેમ્બર,૨૦૨૬ - વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેરજીવનમાં ૨૫ વર્ષની નિષ્ઠાપૂર્વકની સેવા અને સમર્પણના ઉપલક્ષમાં સમગ્ર અમરેલી જિલ્લામાં તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન 'સેવા સંકલ્પ અભિયાન'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનના પ્રથમ દિવસે જ એટલે કે આવતીકાલ તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ જિલ્લાના તમામ નાગરિકોના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે "સેવા મેરા યોગદાન" અંતર્ગત તાલુકા વાઈઝ મેગા બ્લડ ડોનેશન અને MVBDC કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા અમરેલી જિલ્લાના જુદા જુદા તાલુકાઓમાં આ કેમ્પ યોજાશે. જે અંતર્ગત સાવરકુંડલામાં જૂના બસ સ્ટેન્ડ પાસે આવેલી કે.કે. મહેતા હોસ્પિટલ ખાતે સવારે ૦૯:૦૦ થી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી રક્તદાન કરી શકાશે. જ્યારે અમરેલી તાલુકામાં પી.એચ.સી વાંકીયા અને જૂના માર્કેટિંગ યાર્ડ સ્થિત કર્તવ્ય કાર્યાલય ખાતે તેમજ બાબરા તાલુકામાં પી.એચ.સી મોટા દેવળીયા અને સી.એચ.સી બાબરા ખાતે સવારે ૦૯:૩૦ થી બપોરે ૦૧:૦૦ વાગ્યા સુધી આ કેમ્પ ચાલશે.આ ઉપરાંત, બગસરામાં કુંકાવાવ રોડ પર આવેલા સ્વામિનારાયણ મંદિર ખાતે, કુંકાવાવમાં સી.એચ.સી કુંકાવાવ ખાતે, રાજુલામાં એસ.ડી.એચ રાજુલા ખાતે તેમજ જાફરાબાદમાં પીપળી કાંઠા પાસે આવેલ બંદર જેટી ખાતે સવારે ૦૯:૩૦ થી બપોરે ૦૧:૦૦ વાગ્યા તેમજ દિતલા-ધારી ખાતે બપોરે ૦૨:૩૦ થી સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી રક્તદાન કેમ્પ યોજાશે. તમામ કેમ્પની જગ્યાએ રક્તદાતાઓ માટે વિશેષ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. આ તમામ કેન્દ્રો પર તબીબી ટીમો દ્વારા રક્ત એકત્રિત કરવાની કામગીરી સુચારુ રૂપે હાથ ધરવામાં આવશે. "લોહીનું દાન એ મહાદાન છે" અને 'સેવા સંકલ્પ અભિયાન'ના આ પવિત્ર અવસરે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અમરેલીના તમામ રક્તદાતાઓ, યુવાનો અને સેવાભાવી નાગરિકોને પોતાના નજીકના કેન્દ્ર પર ઉપસ્થિત રહીને બહોળી સંખ્યામાં રક્તદાન કરવા અનુરોધ કરવામાં આવે છે. આ મહા-અભિયાનમાં દરેક નાગરિક પોતાનું સક્રિય યોગદાન આપીને સેવાના ભાગીદાર બને તેમ અપીલ કરવામાં આવી છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 16/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# કે.ડી. NEWS

તારીખ : 16/09/2026

Join us on :

કે.ડી. ન્યૂઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યૂઝ...


# HAPPY BIRTHDAY



## Bilakhiya Safin Aasif

HAPPY BIRTHDAY



કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526
1,23,873
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

તારીખ : 16/09/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"વસ્તુનું મૂલ્ય વેપારીએ નક્કી કર્યું હોય છે અને ઘરાકે એ મૂલ્ય ચૂકવીને વસ્તુ ખરીદવાની હોય છે. આ જગતના પ્રત્યેક જીવનું મૂલ્ય પ્રભુએ નક્કી કર્યું છે. આપણે એના આધારે જ જીવો સાથે વ્યવહાર કરીએ છીએ એ નક્કી ખરું ?"




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



તારીખ : 16/09/2026

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
**Year2026**


Gurutattva®

**3517**
**16/09/2026**
**Wednesday**

## आत्मा

श्री मंगलमूर्ती सूक्ष्म शरीर
तक पहुचने का एक सशक्त
"माध्यम" है।

बाबास्वामी
16|9|2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram :** t.me/ShreeShivkrupanandSwami **Whatsapp : Shivkrupanand Swami**

તારીખ : 16/09/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## વ્યાપારી માટે



## હોલસેલ ભાવે

નાની-મોટી


## ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે

## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**



SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 16/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?



કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ

# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

## 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 16/09/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



# કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




| | | | |
|---|---|---|---|
| 81K | 55K | 43K | 100K |

**સંપર્ક : મો. 94997 97973**